## સલામી સવારની..



**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

આંખ આડે કાન કરી, ચાલાકી સહન કરી છે,
તમારે કારણ ખૂબ હાલાકી સહન કરી છે,
સહી ના-લાયકી ખૂબ નાલાયક ઠરીને પણ -
ગંભીર રહી તમારી બાલાકી સહન કરી છે

હાઈકુ

બાળાક્ષરીમાં,
'સ્થાન' છે પણ 'ક' (અંગ)
કોઈનો નહીં.

છે તો ફરિસ્તો !
ઈચ્છે સૌનું ભલું જ -
છે બદનામ...

### ચિંતન

પાણિપાદાદિમાન્ દેહો નાત્મા વ્યંગેડપિ જીવનાત્ ।
તત્તચ્છતેકરનાશાચ્ચ ન નિયમ્યો નિયામકઃ ॥

ઉપરોક્ત શ્લોક 'સંસ્કૃત સુભાષિત ભાંડાગાર' માંથી લેવામાં આવેલ છે.

હાથપગ વાળો દેહ આત્મા નથી, કારણ કે ખોડખાંપણવાળો થાય તોયે જીવતો હોવાથી અને તેની શક્તિનો નાશ ન થવાની એ નિયમ્ય અર્થાત્ અને તેની શક્તિનો શાસિત છે, નિયામક - શાસક હોતો નથી.

શરીર અને આત્મા બને એકમેકથી ભિન્ન છે જો આ સમજમાં આવે તો કોઈ દુઃખ રહેતું નથી માણસના અકસ્માતે હાથ પગ કપાય ત્યારે શરીર ખંડિત થાય છે આત્મા ને કંઈ જ થતું નથી તે શરીરથી નિર્લેપ છે.

### સુવિચાર

- સુકૃતોનું ઝરણું વહે ત્યારે જીવન મંદિર બને, વિશુદ્ધિનું ઝરણ બને ત્યારે આત્મા મંદિર બને - **અમૃતબિંદુ**
- ઊમરની સાથે સમયનો ભાર ન વધે એનું નામ જ સાચી જિંદગી - **મુંબઈ સમાચાર**
- વાણીમાં જબરો પ્રભાવ છે તો વિચાર કરો, વાણીની જનેતા શાંતિમાં કેટલું બધું સામર્થ્ય હશે - **રમણ મહર્ષિ**
- પ્રકૃતિ પર વિજય ન મેળવવાનો હોય, તેની સાથે સામંજસ્ય કેળવવાનું હોય - **એસ. ભટ્ટાચાર્ય**
- માણો તો જીવન છે રમ્ય ઉષા, થાકો તો સંધ્યાટાણું છે - **જનકલ્યાણ**
- વ્યવસ્થાતંત્રમાં સડો ઉપરથી નીચે ગતિ કરે છે - **ફ્રેંકલીન રૂઝવેલ્ટ**
- આજનું ઔષધ : હિંગનો પાવડર પાણીમાં મેળવી નાકમાં ૨-૨ ટીપા નાખવાથી આધાશીશી મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

### બોધકથા

ગ્રીક સમ્રાટ સિકંદર ભારત આવ્યો. બીજો ક્યાંક ન થયો હોય તેવો અનુભવ એને ભારતમાં થયો. સિકંદરના ગુરુએ તેને કહ્યું કે ભારતમાં સાધુ-સંતોના જીવનનો અભ્યાસ કરજે. શિયાળાના દિવસોમાં ઉત્તર ભારતમાં ગંગા તટે તેણે જોયું કે મોટા ભાગના સાધુઓ એ નામ માત્રના વસ્ત્રો ધારણ કર્યા હતા. આથી સિકંદરને વિચાર આવ્યો કે આ સાધુઓને કપડા આપવા. એક સવારે તે કપડાના ટોપલા ઘોડા પર લાદીને સાધુઓને મળવા ગંગે તટે પહોંચ્યો. એક સાધુએ સિકંદરને પૂછ્યું, 'તમે કોણ છો?' સિકંદરે પરિચય આપ્યો, કે હું વિશ્વવિજેતા સિકંદર છું. મહાત્માએ પૂછ્યું, 'તમે શા માટે અહીંયા આવ્યા છો?' સિકંદરે કહ્યું, 'હું આપને થોડા ગરમ વસ્ત્રો આપવા માંગુ છું.' મહાત્માએ કટાક્ષ કરતાં કહ્યું, 'જેની પાસે કંઈ નથી એની પાસેથી શું લેવું ?' સિકંદરને મહાત્માનું આવું અટપટું કથન સમજાયું નથી. મહાત્માએ સમજાવતા કહ્યું, 'લૂંટફાટ એ જ કરે છે જેની પાસે કંઈ જ હોતું નથી, જેની પાસે કંઈ હોય તે શું કામ આવું કરે? તમે લૂંટારા છો. અન્યોને લૂંટો છો. માટે અહીંથી ચાલ્યા જાઓ. તમારા વસ્ત્રો અમારા કામનાં નથી. તમે તમારી કમાણીનો નહીં પણ લૂંટનો માલ અમને આપવા આવ્યા છો. લૂંટનો સામાન અમારા શા કામનો ? તું તારી જાતને ભળે વિશ્વ-વિજેતા ગણતો હોય? પરંતુ તું વિચાર કર કે ખરેખર તું રાજા છે કે રંક? મહાત્માની સચોટ કડવી વાણી સાંભળી સિકંદરની આંખો ખુલી અને એમને એમ પાછો ફર્યો.

# ગેરકાયદે ઘૂસણખોરી સામે અમેરિકાની લાલ બત્તી..

**તંત્રીસ્થાનેથી...**

અમેરિકાનું આપણા દેશની યુવા પેઢીને એવું ઘેલું લાગેલું છે કે એ કોઈ કપડાંઓ કરીને 'લેન્ડ ઓફ ઓપરચ્યુનિટીઝ' ગણાતી એ ભૂમિ પર કારકિર્દીનાં સપનાં સેવીત રહે છે. ખરાં ખોટાં બહાના હેઠળ અમેરિકા પહોંચી જવાના કારસા ઉભય સ્તરે જોખમકારક બની શકે તે તાજેતરમાં અમેરિકામાં અભ્યાસના બહાને ઘૂસેલા ભારતીય વિદ્યાર્થીઓની ધરપકડથી અને એમને એ રીતે ઘુસાડનારા ભારતીયો અથવા ભારતીય મૂળના અમેરિકનોની સંડોવણી પછી એમની સામે થઈ રહેલી કાર્યવાહીથી સાબિત થઈ ચૂક્યું છે. અમેરિકન સરકાર ઘૂસણખોરોને શોધી શોધીને એમના દેશમાં પાછા ધકેલવા કૃતસંકલ્પ છે. એટલે સારુ એની ગુપ્તચર સંસ્થાએ પોતે જ ગ્રેટર ડેટ્રોઈટમાં ફાર્મિંગ્ટન યુનિવર્સિટીની સ્થાપના કરી હતી. હકીકતમાં તે કાગળ ઉપરની યુનિવર્સિટી હતી અને એમાં કોઈ જ સ્ટાફ નહોતો કે કોઈ વિષય ભણાવાતો નહોતો. આ બાબતની પાકી જાણ છતાં અમેરિકામાં રહી ભારતમાંથી ભણવાના બહાને વિદ્યાર્થીઓને બોલાવી ધંધે વળગાડી દેવાના કોભાંડનો પર્દાફાશ કરવાનું અઘરું નહોતું. વિદ્યાર્થીઓ તરીકે ગયેલા યુવાનો પણ જાણતા હતા કે આવી યુનિવર્સિટી કે જેમાં કોઈ જ અભ્યાસક્રમ ચાલતો ન હોય એમાં પ્રવેશ મેળવવાથી અમેરિકન કાયદાનો ભંગ થાય છે, પરંતુ એમને તો અમેરિકામાં ઘૂસવાનું બહાનું જ જોઈતું હતું અને ઘુસાડનારા એજન્ટોએ એમના માટે કોઈ ને કોઈ નાનું મોટું કામ પણ મેળવી આપવાની લાલચ આપી જ રાખી હતી. આખરે ગુપ્તચર એજન્સીનો ઉદ્દેશ પાર પડતાં આવાં તત્ત્વોમાં ભય ફેલાઈ ગયો છે. ૧૩૦ જેટલા બોગસ વિદ્યાર્થી પકડાઈ ગયા છે અને હજી પાંચસો જેટલાની શોધખોળ ચાલુ છે. આઠ એજન્ટો મળિયા પાછળ ધકેલાઈ ચૂક્યા છે. અમેરિકામાં સ્ટુડન્ટ વિઝાના નામે ઘૂમી ગેરકાયદેસર રીતે રહી પડનારાઓને પાછો પાછો વિશ્વાસ હોય છે કે મોડા વહેલા એમને કાયદેસર રહેવાસી ગણી લેવાશે. ગરજ અમેરિકાને પણ છે જ. એને મજૂરની જેમ કામ કરનારા લોકો જોઈએ છે, જે મેક્સિકો પછી ભારત અને ચીન જેવા દેશોમાંથી મળી રહે છે. પરંતુ ટ્રમ્પ તો ફર્સ્ટ અમેરિકન વાળી નીતિ પર જ ચૂંટાયા છે અને એ જ નીતિ અનુસાર ગેરકાયદે ઘૂસેલાઓને ડિપોર્ટ કરવા કૃતસંકલ્પ બન્યા છે. બહારના લોકો અમેરિકામાં આવી રોજગાર રળે એને અમેરિકામાં જન્મેલા બેકાર રહે તે ટ્રમ્પને પસંદ નથી. ભારતીય લોકમાનસમાં અમેરિકા એ સ્વર્ગથી પણ ચડિયાતી ભૂમિ છે. અહીં જે કામ કરતાં શરમ અનુભવાય છે તેવાં કોઈ પણ હલકું ગણાતું કામ અહીંના ભદ્ર પરિવાર લોકો અમેરિકામાં જઈને રાજી ખુશીથી કરી લે છે અને ડોલર કમાઈ લે છે. જયારે આ ડોલરગ્રંથિ જ હાવી થઈ જાય ત્યારે ખાનદાની અને પરંપરાગત ખ્યાલો બાજુએ મૂકી આપણા દેશમાંથી ખરાં ખોટાં બહાનાં હેઠળ, એજન્ટોને અઢળક નાણાં ચૂકવીને અમેરિકા પહોંચી ગયેલા યુવાનો સંડાસ સાફ કરવાથી લઈ દારૂ કે માંસની દુકાને કામ કરવામાં હીણપત અનુભવતા નથી. વિદ્યાર્થીઓને વર્ક પરમિટ મેળવવાની તક રહે જ માટે તેઓ જાણી જોઈને વારંવાર નાપાસ થતા રહે છે. આ બધાં ષડયંત્રોથી અમેરિકાની સરકાર વાકેફ હતી જ. ઉદારતાપૂર્વક આંખ મિચામણાં કરાતાં રહ્યાં પરંતુ ટ્રમ્પ હવે એમના અમેરિકા ફર્સ્ટ અભિયાનને અંજામ આપવા માગે છે. આથી આવી બોગસ યુનિવર્સિટી ઊભી કરાવી ગેરકાયદેસર ઘૂસણખોરી કરાતા ભારતીયો અને ચીનીઓને સંકજામાં લઈ એમને જાહેરમાં અપમાનિત કરી રહ્યા છે. ભારતીય દૂતાવાસ આવા સ્વેચ્છાએ ફસાઈ ગયેલા વિદ્યાર્થીઓને બચાવવા પ્રયાસ કરે ત્યારે કેવું વામણું લાગે !

# સ્વાઈન ફ્લુનું નિદાન



**તન દુરસ્તી**
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

● સ્વાઈન ફ્લુ જીવલેણ છે ?

- આજકાલ સ્વાઈન ફ્લુની અસર આપણા બધા પર બહુ જોવા મળે છે. ઘણા બધા દર્દીઓને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવે છે એટલે કે સ્વાઈન ફ્લુ થયો છે. આગળ પણ આપણે સ્વાઈન ફ્લુ વિશે લખ્યું હતું.

- સ્વાઈન ફ્લુ અને સ્વાઈન ફ્લુની રસી એટલે કે વેક્સિનેશન વિશે પણ આપણે લખ્યું હતું. થોડું તાજું કરી લઈએ... સ્વાઈન ફ્લુ એ વાઈરસથી થતો રોગ છે. ઠંડી અને ગરમીનું સમતોલન ના હોય ત્યારે સ્વાઈન ફ્લુના વાઈરસ ખૂબ પ્રમાણમાં ઉગે છે.

- વાઈરસને ઉગવા માટે કાં તો વધારે ઠંડી હોય કાં તો વધારે ગરમી હોય તો પણ આ વાઈરસનો ઉછેર વાતાવરણમાં ખૂબ ઝડપથી થાય છે.

- અત્યારે વાતાવરણમાં વધારે પ્રમાણમાં ઠંડી હોવાથી સ્વાઈન ફ્લુના દર્દીઓ વધારે પ્રમાણમાં દેખાય છે. જોકે તેમાં સરકાર કંઈ કરી શકતી નથી. આ ખાલી ભારતમાં નહીં પણ અમેરિકા, કેનેડા, ચીન વગેરે દેશોમાં પણ ખૂબ વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. એટલે અહીયાં મુદ્દો સરકારી તંત્રની લાપરવાહીનો નથી.

- જેવાં કે ડેન્ગ્યુ, મેલેરિયા, ચીકનગુનિયા, ટાયફોઈડ વગેરેમાં જો આપણે ગંદકી રાખીએ અને કરીએ તો રોગ વધારે પ્રમાણમાં ફેલાય છે. સ્વાઈન ફ્લુ થવાના બે પ્રકાર હોય છે. એક સિઝનલ જે સ્વાઈન ફ્લુનો જ વાઈરસ હોય પણ સિઝનલ હોય છે અને બીજા પ્રકારનો વાઈરસ જેને H1N1 કહેવામાં આવે છે. તેનાથી થતો સ્વાઈન ફ્લુ ખૂબ જ ખતરનાક હોય છે એટલે કે ભયજનક હોય છે.

- ભયજનક એટલે શું ? H1N1 વાઈરસ શરીરમાં દાખલ થાય તો શરીરમાં રહેલા ફેફસાંમાં જમા થાય છે. જ્યારે કફ રૂપે ન્યુમોનિયા વાઈરલ ન્યુમોનિયા ઉત્પન્ન કરે છે. જો રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોય તો કફથી ફેફસાં ભરાઈ જાય છે. વધારે પ્રમાણમાં કફને લીધે ફેફસાં કામ કરતા બંધ થઈ જાય છે. એટલે કે શ્વાસ લેવામાં ખૂબ તકલીફ પડે છે. એટલે જ દર્દીને કૃત્રિમ એટલે કે બનાવટી એટલે કે બહારથી શ્વાસોશ્વાસ કરાવો પડે છે.

- ઘણી વખત દર્દીને જીવલેણ સાબિત થતું હોય છે. આમાં પણ જો રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય તો માણસનું મૃત્યુ થવાની શક્યતા ખૂબ જ વધી જાય છે.

-હવે સવાલ એ થાય છે કે ખબર કેવી રીતે પડે કે સાદો સ્વાઈન ફ્લુ છે એટલે કે ઈનફ્લોએન્ઝા-એ (A) છે કે ઈનફ્લોએન્ઝા-બી (B) છે અથવા તો સ્વાઈન ફ્લુનો વાઈરસ H1N1 છે. એ માટે તમારે ટેસ્ટ કરાવવો પડે. સ્વાઈન ફ્લુના ટેસ્ટ બધી જ લેબોરેટરીમાં થતા નથી. સામાન્ય રીતે સરકારી હૉસ્પિટલમાં જ આ ટેસ્ટ થતાં હોય છે. એ પણ દરેક સરકારી લેબોરેટરીમાં થતા નથી. અમૂક મોટી હૉસ્પિટલમાં જ સ્વાઈન ફ્લુના ટેસ્ટ થાય છે. પ્રાઈવેટ લેબોરેટરીમાં અમૂક જ લેબોરેટરી આ ટેસ્ટ કરી શકે એવી સરકારે પરમીશન આપી છે. જે દર્દી હૉસ્પિટલમાં દાખલ થયેલો હોય તેનો જ આ ટેસ્ટ કરવામાં આવે છે અને આ ટેસ્ટ કરતાં પહેલાં સરકારે જાહેર કરેલું ફોર્મ ભર્યા પછી જ આ ટેસ્ટ કરવામાં આવે છે. આ ટેસ્ટ થાય કેવી રીતે ? સ્વાઈન ફ્લુનો ટેસ્ટ લોહીમાંથી થઈ શકે તો જવાબ આવે ના. સ્વાઈન ફ્લુનનો ટેસ્ટ ગળામાંથી ટોનસીલની આજુબાજુથી સ્વાબ વડે લઈને કરવામાં આવે છે અથવા તો નાકની અંદર સ્વાબથી કરવામાં આવે છે.

- પ્રશ્ન થાય સ્વાબ એટલે શું ? સ્વાબ એટલે લાકડાની સળી અથવા પ્લાસ્ટિકની સળીના આગળના ભાગમાં જંતુમુક્ત કરેલા કોટનને ગોળ ફેરવીને સળીના આગળના ભાગમાં લપેટવામાં આવે છે જેને સ્વાબ કહેવામાં આવે છે. આ સ્વાબ ગળામાંથી અથવા તો નાકમાંથી ચીકણું પ્રવાહી કોટન ઉપર ખેંચવામાં આવે છે.

- જેને એક પ્રવાહીમાં નાંખવામાં આવે છે જે પ્રવાહીમાં H1N1 એટલે કે સ્વાઈન ફ્લુના વાઈરસ સચવાઈ રહે છે. જેને ઠંડકમાં એટલે કુલ ચેઈનમાં સાચવીને રાખી કુલ ચેઈન મેઈન્ટેન થાય એવી રીતે સાચવીને એ પ્રવાહીને ઠંડકમાં જ લેબોરેટરીમાં પહોંચાડવામાં આવે છે.

- લેબોરેટરીમાં ઈનફ્લુએન્ઝા-એ, ઈનફ્લુએન્ઝા-બી અને H1N1 વાઈરસ માટે લેબોરેટરીમાં ટેસ્ટ કરવામાં આવે છે. જો ઈનફ્લુએન્ઝા-એ અને ઈનફ્લુએન્ઝા-બી જો પોઝીટીવ આવે તો તેને સિઝનલ વાઈરલ ઈન્ફેકશન તરીકે મૂકવામાં આવે છે.

- જો H1N1 પોઝીટીવ આવે તો તેને સ્વાઈન ફ્લુ તરીકે જાહેર કરવામાં આવે છે. સ્વાઈન ફ્લુની દવા માટે જુદા જુદા મતમત્તાંતર રહેલા છે. ઘણા બધા દર્દીઓમાં H1N1 ના હોય છતાં પણ સ્વાઈન ફ્લુની દવા કરવામાં આવે છે. સામાન્ય રીતે ૨૧૬૧ પોઝીટીવના હોય તો સાદા સિઝનલ ફ્લુ તરીકેની દવા આપવી જોઈએ પણ એવું થતું નથી બધા દર્દીઓને સ્વાઈન ફ્લુનની જ દવા આપવામાં આવે છે.

- H1N1 નેગેટીવ હોય તો સાદા ફ્લુની દવા પણ કરવી જોઈએ કારણ કે મોટાભાગના કેસમાં સાદા એટલે કે ઈનફ્લુએન્ઝા-એ અને ઈનફ્લુએન્ઝા-બી પર સ્વાઈન ફ્લુની દવાની અસર થતી નથી. H1N1 પોઝીટીવ હોય તો એમાં સ્વાઈન ફ્લુની જ દવા જેવી કે ટેમીફ્લ્યુ આપવી પડે.

● ધ્યાન રાખવા જેવી વસ્તુઓ શું ?

- વધારે પ્રમાણમાં માણસો ભેગા થતાં હોય ત્યાં ન જવું, વારે વારે બજારમાં મળતી

અનુસંધાન પાના નં ૭ પર

# સ્ત્રી સંવેદનાની ગૂઢ મનોચેતનાનું આલેખન : કૂખ

**મોરપીંછના રંગ**
ડૉ. કનૈયાલાલ ભટ્ટ



નવલકથા એ માનવજીવનનું મહાકાવ્ય છે. ''સઘરા જેસંગનો સાળો''થી આરંભાયેલી આ નવલયાત્રામાં ઘણા સ્થિત્યંતરો આવ્યા છે. ગોવર્ધનરામની સરસ્વતીચન્દ્ર હોય કે મુનશીની ઐતિહાસિક પાત્રસૃષ્ટિ હોય કે ધૂમકેતુ, મડિયા કે પન્નાલાલની ગ્રામસૃષ્ટિની સંવેદના હોય કે બક્ષી, મધુરાય કે સુરેશ જોશીની અરૂઢ વ્યવહારની પાત્રસૃષ્ટિ અને શૈલી હોય, ગુજરાતી નવલકથાએ આ ૧૫૦ વર્ષમાં ચોક્કસ ગુજરાતી ભાષા બહાર પણ પોતાનું ગજુ કાઢ્યું છે ''સરસ્વતીચન્દ્ર'' નો કેન્દ્રીય સાહિત્ય અકાદમી દ્વારા હિંદીમાં અનુવાદ થાય એ ગુજરાતી ભાષા માટે ગૌરવ, સન્માન જ છે. એમ કહી શકાય.

એક હકિકત એ પણ છે કે ગુજરાતી નવલકથા બક્ષી, મધુરાય કે સુરેશ જોશી પછી આગળ વધી શકી નથી. આ ત્રણેય સર્જકોની કલમે ગુજરાતી નવલકથાનો છેલ્લો શ્રૃંગાર થયો એમ કહી શકાય. અને તત્કાલીન સમય સુધી આ પરંપરામાં ગુજરાતી નવલકથાઓ લખાતી રહી છે. વિષય અને સંવેદનની દૃષ્ટિએ ઘણા આધુનિક નવલકથાકારોએ પોતાનો કસબ બતાવ્યો છે. એમાં પન્નાલાલ પટેલની ''માનવીની ભવાઈ'', જોસેફ મેકવાનની''આંગળિયાત'', અશોકપુરી ગોસ્વામીની ''કૂવો'', રામચન્દ્ર પટેલની ''રાજગઢી'', રજનીકુમારની ''કુંતી'', સુભાષ શાહની ''મહારાજ'', વર્ષા અડાલજાની ''લાક્ષાગૃહ'', કુંદનિકા કાપડિયાની ''સાત પગલા આકાશમાં'', હોય કે શ્રી રઘુવીર ચૌધરીની ''સોમતીર્થ'' હોય. આ ઉપરાંત ઘણી બધી નવલકથાઓના સર્જકોએ નવલકથાના ભાવવિશ્વને નવી ઊંચાઈ આપી છે. શૈલી બધાની પરંપરિત રહી છે એ પણ સ્વીકાર્ય બાબત છે.

ગુજરાતી કથાસાહિત્યમાં રાઘવજી માધડનું નામ ખુબ જાણીતું છે. સાહિત્યિક અને લોકપ્રિયતા બન્ને ક્ષેત્રોમાં તેમને સફળતા મળી છે સૌરાષ્ટ્રના સાવ નાના એવા ગામના નાના એવા સમાજમાંથી આવનાર આ સર્જકે જિંદગી ખુબ નજીકથી જોઈને પ્રમાણી છે. માણસાઈના ઘણા સારા – નરસા રૂપોને અનુભવીને પોતાની કલમે નિરૂપ્યા છે. અને તેથી જ કદાચ તેમની વાર્તાઓ કે નવલકથાઓમાં જીવાતું જીવન વિશેષ લાગે છે. આવા સર્જકની કલમે વર્ષ – ૨૦૦૯માં એક જુદા પ્રકારની લઘુનવલ 'કૂખ' લખાયેલી છે જેના પ્રત્યે આપણા સર્જકો કે વિવેચકોનું ધ્યાન કદાચ નથી ગયું. આ લઘુનવલનો વિષય આજે ભારે ચર્ચામાં છે અને આપણા સાહિત્યમાં પહેલી વખત પ્રયોજાય છે. વિષય છે ''સેરોગેટ મધર - ઊછીનું માતૃત્વ '' આ વિષય બિલકુલ નવો છે. આના વિશે આપણે ત્યા ખુબ ઓછી સમજ અને માહિતી છે. પરંતુ લેખકે અહીં એને સંશોધનના સ્તર પર મેડિકલ સાયન્સના આધારો જોઈ તપાસીને બે સ્ત્રીઓના વલોવાતા હદયની સંવેદનાઓ એકદમ સૂક્ષ્મતાથી નિરૂપી છે.



કથાનો આરંભ અમેરિકાથી આવતા એક ફોનથી થાય છે. અંજુ નામની એક સ્ત્રીનો ફોન ગાંધીનગર રહેતા નાયક 'પ્રકાશ' પર આવે છે. અને એ ફોનમાં થતી વાતચીતમાંથી ભૂતકાળના સંસ્મરણોના અનેક પડદાઓ ખૂલે અને દીકરીને દત્તક લેવા ભારત – ગુજરાત આવતી નાયિકા અંજુ પ્રકાશને મળે અને દસ વર્ષ પહેલાનો કૉલેજકાળમાં અસ્ત પામેલો લાગણીનો સંબંધ ફરીથી સળવળે છે. આ બાજુ પ્રકાશની ઓફિસમાં 'સ્મિતા' સાથેનો પ્રકાશનો સંબંધ એકદમ મનના ઊંડા ખૂણે સૂક્ષ્મતાથી નિરૂપાતો જાય છે. અંજુના આગમન પછી તેના પિતા, ભાઈઓ, બહેનપણી વંદના જેવા પાત્રો ઉમેરાતા જાય છે. કથા આગળ વધે છે અને અચાનક દીકરી દત્તક લેવાને બદલે પ્રકાશ દ્વારા ''સેરોગેટ મધર'' નો વિચાર આપવામાં આવે છે. અંજુ એ પ્રસ્તાવ સ્વીકારી એમાં આગળ વધવાનું નક્કી કરે છે. જેને કારણે અરવિંદભાઈ અને દક્ષા જેવા પાત્રો પ્રવેશે છે. કથાના અંતિમ ભાગમાં અંજુ અને દક્ષા દ્વારા સ્ત્રીત્વ, માતૃત્વ સંદર્ભે થતું મનોમંથન ભાવકોને નવા ભાવવિશ્વમાં લઈ જાય છે. જો કે અંતે લેખક કોઈ બીજી સ્ત્રીની કૂખ ભાડે લેવા કરતા પોતાની જ કૂખમાં બાળક ઉછેરવાનો સુખદ નિર્ણય આપી સેરોગેટ મધરના વિચારને ફળિભૂત કરતા નથી. પણ એક સંવેદનશીલ આયામ આપી જાય છે.

કથાગૂંથણીની દૃષ્ટિએ જોઈએ તો શરૂઆતના પ્રકરણો મૂળકથાની ભૂમિકારૂપે લાગે છે પણ એ સંદર્ભે થતી વાતો, ફોન, એ મુલાકાતો, ભુતકાળ આ બધુ કથારસને ક્યાંક નબળો પાડે છે. પરંતુ પૃષ્ઠ ૫૭થી સેરોગેટ મધરનો કોન્સેપ્ટ પ્રવેશતા જ કથારસ ગતિ પકડે છે એની ભાષા બદલાય છે. એની સંવેદનશીલતા ધારદાર બને છે. ''હવે શું થશે ?''નો ભાવ ભાવકોના માનસમાં સતત રમ્યા કરે છે. જો કે કથાની ગતિ અને ગૂંથણી સીધી રેખાએ જ ચાલે છે. નાયિકા અંજુ અને પ્રકાશની અરવિંદભાઈ – દક્ષા સાથેની મુલાકાત બન્ને પક્ષે ઉછીના માતૃત્વ સંદર્ભે થતી ચર્ચા અને મનોમંથન, એ દરમિયાન વચ્ચે અંજુના જીવનના અતીતની વાત, એના ઘેર ગામડે પિતા – બે ભાઈઓ સાથેની મુલાકાત – વ્યવહાર અંજુના પરદેશ થયેલા લગ્ન, છેતરપીંડી, પીડા, સમજ ગેરસમજ ... આ બધુ વાચકોના મનમાં અંજુ સંદર્ભે ઊભા થયેલા પ્રશ્નોનું નિરાકરણ કરે છે. પણ કથારસમાં સ્પીડબ્રેકર બની રહે છે. અંતે અંજુ અને તેની મિત્ર વંદનાની વાતચીત '' પોતે જ મા બનવાની વાતનું બીજારોપણ '' અને કથામાં આવતો વળાંક સુખદ અંત આપે છે. કંઈક જોરદાર બનશે, ના વિચાર્યુ હોય એવું બનશે, એવી સંવેદના સ્ત્રી વાચકોના મનમાં ઊભી કરવામાં લેખક સફળ રહે છે. સ્ત્રી વાચકોને કદાચ ધાર્યો અંત નથી મળતો પણ એક નવી દિશા જરૂર મળે છે. વળી જે નવો વિષય અહીં લેખક લાવે છે તે પરાકાષ્ટાએ પહોંચીને પરિણામલક્ષી બનવાને બદલે અધૂરો રહ્યાની લાગણી જન્મે છે. જો કે સ્ત્રી સંવેદનાની દૃષ્ટિએ લેખક એક સ્ત્રીની ભાવનાને, માતૃત્વના ભાવને અન્યાય કરતા નથી. ઉછીનું માતૃત્વ એ સ્ત્રીની માતૃત્વભાવનાનું અપમાન છે. આપણા ભારતીય સમાજમાં એ સ્વીકૃત ના જ હોવું જોઈએ એવી આદર્શવાદી વાત લેખક રજુ કરીને નાયિકા અંજુ પોતાના જ ગર્ભમાં પોતાનું જ બાળક ધારણ કરશે એવો અંત આપીને ''સેરોગેટ મધર ''ના નવા કોન્સેપ્ટને તિલાંજલી આપે છે.

આ કથામાં સર્જકે સ્ત્રી પુરુષ સંબંધો સંદર્ભે કેટલાક વિચારણીય સંવેદનો રજુ કર્યા છે. અંજુ જ્યારે ગાંધીનગરની હૉટેલમાં રાત રોકાય છે પ્રકાશ એને રાત્રે ગરબા રમ્યા બાદ મૂકવા જાય છે ત્યારે પ્રકાશ રૂમમાં સાથે રોકાતો નથી તે પોતાના ઘેર પરત ફરે છે. અહીં પણ વાચકોની અપેક્ષાનો ભંગ થાય છે. તો વળી અંતમાં પણ અંજુ એક વખત પ્રકાશના ઘરમાં રોકાય છે બન્ને મોડી રાત સુધી વાતચીત કરે છે. એ વખતે બન્નેના મનોમંથનમાં સ્ત્રી – પુરુષ સહજ બધુ જ ચાલે છે. પણ બન્ને વચ્ચે એવું કશું થતું નથી. બન્ને પાત્રો અને વાચકોને અહીં પણ નિરાશ થવું પડે છે. જો કે અહીં લેખક એક સ્વપ્ન મૂકીને કથાને વધુ સંવેદનશીલ બનાવવાનો પ્રયાસ જરૂર કરે છે. અંજુનો હાથ પોતાની જ છાતી પર પડતા જ એને ''બાળકના સ્તનપાન'' નું સ્વપ્ન આવવું અને ઈચ્છા, કામ, વિરહ, સુખ જેવા અનેક ભાવોની અનુભૂતિને સાંકેતિક રીતે વાચકોના મનમાં જન્માવે છે. પણ લેખક પાત્રોને રાતનું એકાંત - પરસ્પર લાગણી હોવા છતાંય આગળ વધારતા નથી. લેખકના પાત્રો આદર્શવાદી બની રહે છે.

અહીં 'પ્રકાશ'નું નાયક તરીકેનું પાત્ર માનવીય ગુણ - અવગુણથી ભરેલું છે. એનામાં વૈચારિક સ્થિરતા નથી. કેમ કે તે અંજુને કૉલેજકાળથી ચાહે છે છતાંય તે પોતાની સહકર્મચારી સ્મિતા પાસે અંજુ વિશે '' શું જમાનો આવ્યો છે, સ્ત્રી ભાયડા કરવા નીકળે... ત્યા ઘરવ ના થયો તે પાછી ભારતમાં આવી ? અને એ પણ મારી પાસે '' આવી વાત દ્વારા પ્રકાશની વૈચારિકતાનો ખ્યાલ આવે છે. કેમ કે પ્રકાશ છેક સુધી અંજુ સાથે રહીને એને મદદ કરે છે, તો વળી એકવખત સ્મિતાના મિસકૉલ સંદર્ભે પ્રકાશ કહે છે '' ગાંધીનગરમાં સ્કૂટરનું ચલણ વધારે – સ્પેર વ્હીલની વાત કરીને '' તેમ વ્યક્તિ કે અહીં વસનારને પણ એક સ્પેર વ્હીલ હોય એવું પણ કહે છે.

આ લઘુનવલની સૌથી વધુ હદયદ્રાવક વાત હોય તો તે છે '' સેરોગેટ મધર ''ની ઉછીના માતૃત્વ સંદર્ભે થતી વાતચીત, માતૃત્વ આપનાર અને લેનાર બન્ને સ્ત્રીઓની માનસિક વ્યથા, પીડા – પારિવારિક, સામાજિક અને માનસિક સ્તર પર ઉઠતા પ્રત્યુત્તર વિનાના પારાવાર પ્રશ્નો બન્ને સ્ત્રીઓને અને ભાવકોને પણ પીડે છે. નવમાસ ગર્ભને પોતાના પેટમાં રાખી, ઉછેરી અને જન્મ બાદ કોઈને આપી દેવાથી અને લઈ લેવાની પીડાનું પ્રાગટ્ય અહીં એકદમ સૂક્ષ્મતાથી થયું છે. લેખક ''ઉછીના માતૃત્વ'' ના વિચારને સાકાર નથી કરતા અને પરિણામે વાચકોના મનમાં ઉભી થયેલી 'સેરોગેટ મધર'ની વાત પૂર્ણ થતી નથી. જો કે લેખકે અહીં કથાના મૂળ ઉદેશ્યને વળગી રહીને સ્ત્રી ભાવનાને, નારીત્વને, માતૃત્વને વધુ મહત્વ આપીને એનો મહિમા કર્યો છે. અને ''ઉછીના માતૃત્વ''ની વાત ભૂલીને ''પોતાની જ કૂખે બાળક જન્માવવું'' એવો સુખદ અંત આપે છે. આ કથામાં ભાષાની દૃષ્ટિએ તળપદા શબ્દોની સાથે સાથે અંગ્રેજી શબ્દોનો પ્રયોગ પણ ખુબ થયો છે. જેને કારણે પાત્રો અને લેખકની ભાષા વચ્ચે એક અંતર તરી આવે છે. પાત્રોની ક્રિયા સંદર્ભે લેખક દ્વારા ઘણી વખત પ્રતિક્રિયામાં અતિશયોક્તિ દેખાય છે. આ કથાનો સૌથી વિશેષ આસ્વાદ્ય અંશ હોય તો એ એમાં પ્રયોજાયેલા જીવન વિષયક ચિંતનાત્મક વાક્યો છે. જે લેખકના અનુભવ અને સર્જનકલાના નિચોડરૂપે આલેખાય છે.

આમ એક નવા વિષય તરીકે – સ્ત્રી સંવેદનાની નવી દિશારૂપે ચિતરાતી મનોચેતનાનું આલેખન ખુબ જ સૂક્ષ્મતાથી થયું છે. ખરેખર આ કથાનો વિષય એક સફળ બૃહદ નવલકથાનો વિષય બની શકે એવી ક્ષમતા ધરાવે છે.

- 9426060601.india@gmail.com

# કન્યા પધરાવો સાવધાન...!

**રજ્જળપાટ**
અજય ઉપાધ્યાય



'નાણાવટી રે સાજન બેઠું માંડવે...' પણ વેઈટ હવે સાજન નાણાવટી હોય કે ના હોય પણ શાંતિથી માંડવે ભાગ્યે જ બેસવાનું...પૂછો વ્હાય? ... ઈટ ઈઝ એટલા માટે કે એટલો ટાઈમ ક્યાં ? અને બીજું કે ફોર્માલીટીનો ફૂંફાડો ભેગો ને ભેગો હોય જ...! સાજન બોલે તો દુલ્હા ઔર દુલ્હન કે દો ચાર મિત્રો, સંબંધીઓ અને ઓફ કોર્સ મોમ એન્ડ ડેડ, બ્રો એન્ડ સીસ...બસ આટલા સાજનમાં ગણવાના અને છેક છેલ્લે સુધી આ જ નાણાવટી સાજન 'માંડવે બેસી રહેવાનું...! વેલકમ ટુ ધ ચેન્જીંગ વર્લ્ડ ઓફ બીગ ઈન્ડિયન વેડિંગ...! લગ્નગાળાની ધોધમાર સીઝન અને આનંદ ઓછો અને આડંબર વધુ વાળા બદલાયેલા લગનસરાની સિઝનમાં આપ સૌનું કંકુ-ચોખાના તિલક, રંગબેરંગી સાફા અને ડીજે ના તાલે સુ-સ્વાગતમ...!

જમાના પ્રમાણે બધું બદલાય એમ લગ્નો, લગ્નની તૈયારીઓ, લગ્નના પ્રસંગો અને ઓફ કોર્સ લગ્નમાં ભાગ લેનારાઓ પણ બદલાય એમાં કોઈ નવી નવાઈ ના કહેવાય પણ શું છે કે પાર્ટી પ્લોટમાંથી સંભળાતા ' હો લડકી આંખ મારે...' ના રેકોર્ડેડ કે પછી કર્કશ અવાજવાળા લીડ ડીજે સિંગર ના ભાંગતી રાત્રે ડીસ્ટર્બ કરતા અવાજો વચ્ચે વિચાર જરૂર આવે કે ઓરીજીનલ લગ્નવિધિ... એની મજા અને એનો ઉમળકો ક્યાંક ને ક્યાંક યા તો ઓછો થતો જાય છે યા તો કુટુંબીઓ પુરતો મર્યાદિત થતો જાય છે...! અને આ લેખ હરગીજ અત્યારના લગ્નપ્રસંગોને વખોડવા માટે નથી જ પણ એક નજર લગ્નોની આજ અને કલ પર જરૂરથી છે જ. 'કંકુ છાંટીને કંકોતરી મોકલી રે...'' વાળા સોનેરી દિવસો હજુ થોડા ઘણા સચવાય તો રહ્યા જ છે પણ આ ' કંકુ છાંટીને કંકોતરી...' ની જગ્યાએ ઈ-કાર્ડ નું ચલણ વધતું જાય છે. ઓફ કોર્સ કંકોતરીઓ છપાય તો છે જ, ઈનફેક્ટ મોંઘીદાટ પણ છપાય છે અને સાથે કોઈ ગીફ્ટ મોકલવાનો રીવાજ માલેતુજારોની સાથે સાથે અપર મધ્યમવર્ગમાં પણ ચાલુ થઈ ગયો છે. આમ તો ' સેવ ધ ડેટ ' ના રીમાઈન્ડરો મળતા જાય એમ પછી કંકોત્રી વાંચવાની જરૂર ઓછી રહેતી થઈ ગઈ છે. વોટ્સઅપ પર લોકેશનની પીનના આધારે આધારે પાર્ટીપ્લોટ સુધી પહોચી જાવાય છે એટલે ૩૦ થી લઈને ૩૦૦૦ સુધીની કંકોત્રી ડ્રોઅરના ખાનામાં કેદ જ રહે છે.

પહેલા તો શું છે કે ગામડાઓમાં બે કે ત્રણ શેરીઓમાં આડશો કે મંડપ બાંધીને લગ્નો ઉકેલાઈ જતા કે પછી સુખી ગામોમાં લગ્નની વાડી હોય તો ત્યાં પણ હવે શહેરોમાં લગ્ન નક્કી થાય કે પહેલું કામ યોગ્ય વાડી કે હોલના બુકિંગનું કરવું પડે નહીતર અઘરું થઈ જાય. પાર્ટી પ્લોટોનો જમાનો છે, નજીક મળે તો નજીક નહિતર શહેર બહારનો ટ્રેન્ડ પણ ઈન્થીંગ છે જ. ટાઈમસર સારો મેરેજહોલ કે પાર્ટીપ્લોટ મળી જાય એટલે એક હાશકારો...! પણ વેઈટ હવે જ સાચી લગ્ન તૈયારીઓ શરુ થવાની વત્સ...! ડીપેન્ડસ કે તમે જાતે આખોયે પ્રસંગ હેન્ડલ કરવાના કે પછી હવે તો ઈવેન્ટ કંપનીઓ હાજર જ હોય છે તમારી મદદ કરવા માટે તો એને આખોયે પ્રસંગ સોંપીને ચિંતામુક્ત થઈને પ્રસંગ માણવા તૈયાર છો ? ચોઈસ ઈઝ યોર્સ અને પ્લીઝ નોટ કે પહેલાના સમય કરતા આજકાલ ચોઈસીસ અઢળક છે અને ઈઝીલી અવેલેબલ પણ છે..! કોઈ ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીને વેન્યુથી લઈને જાન વિદાઈ કે પછી લડકે કી શાદી હોય તો રીસેપ્શન સુધીનું લીસ્ટ પકડાવી દો... એ પહોચી વળશે પણ હા ઈસમેં રૂપિયે બહોત લગેગે હો ભાઈઈઈઈઈ....! જો કે પ્રસંગ માંડીને બેઠા હોય ત્યાં રૂપિયા કોણ ગણે છે ?

અને ગણવા ચાહો તો પણ એક હદથી વધુ શક્ય પણ નથી બીકોઝ આજકાલના લગ્નોમાં અમુક વસ્તુ મસ્ટ બની ગઈ છે. જેમ કે ડેકોરેશન...ક્લોથ્સ...પ્રી-વેડિંગ ઈટીસી ઈટીસી...! ઘરડા કહેતા ને કે ગોળ નાખો એટલું ગળ્યું થાય બસ કેક એવું જ લગ્ન પ્રસંગને લાગુ પડે છે. જમાનો બદલાયો છે તો કપલ્સ ના તેમના જીવનના આ યાદગાર પ્રસંગને ઉજવવાના અને એને વધુ યાદગાર બનાવવાના તરીકાઓ પણ બદલાયા છે. હવે પ્રી-વેડિંગ ફોટો અને વિડીયો શૂટ આમ વાત છે. કોઈ ફોરેન જાય તો કોઈ આજુબાજુમાં આ શૂટ કરી લે - જેવી જેની પહોંચ, પણ શૂટ ઈઝ મસ્ટ ! આવું જ કઈક ડેકોરેશનનું છે. આંખ આંજી દે એવી રીતે ફૂલો - લાઈટો - કમાનો - સ્થાપત્યોથી શણગારેલ લગ્ન સ્થળો લગભગ દરેક દુલ્હા-દુલ્હનના લીસ્ટમાં હોય જ છે. માઈન્ડ વેલ કે જરૂરી નથી કે આ બધું જ માલેતુજારો જ કરે છે પણ જેવી જેની પહોંચ એ પ્રમાણે લગભગ દરેક દુલ્હા-દુલ્હનના માતા પિતા આમાંનું મોટાભાગનું ' પછેડી મુજબ સોળ તાણીને ' પણ કરતા થયા છે. લગ્નો સાદગીથી ભભકા તરફ અને દિવ્યતાથી દમામદાર તરફ વધતા જાય છે...અચ્છા હૈ...!

આજકાલના લગ્ન સમારંભોમાં અચ્છું તો ઘણું બધું હોય છે પણ માણવાનો ટાઈમ કોને હોય છે ? વરપક્ષવાળાઓને વરઘોડામાં નાચવામાં વધુ ઈન્ટરેસ્ટ હોય તો જાનમાં આવેલાને જમવામાં...! કન્યાપક્ષવાળાને પ્રસંગ સુખરૂપ ઉકલી જાય એમાં વધુ રસ હોય તો બાકીના આમન્ત્રીતોને માત્ર ને માત્ર જમવામાં...(અમુક અંગત લોકોને બાદ કરતા)...! અને હવે તો જમણવારમાં પણ ' ૩૨ પકવાન ' ઓછા પડે એટલી વાનગીઓ રાખવાની ફેશન છે પછી ભલે ને પેલા ફેમસ જોકની જેમ એક જ ડીશમાં ઈટાલિયન, સાઉથ ઈન્ડીયન અને ગુજરાતી વાનગીઓની સાથે પંજાબી અને ચાયનીઝ વ્યંજનો કુસ્તી કરતા હોય...! પહેલા તો પંગત પડતી અને આગ્રહ કરી કરી ને જમાડાતા... એમાં લોકો ભરપેટ વાનગીઓ માણતા એ ફાયદો તો હતો જ પણ બગાડ ઓછો થતો. પણ જ્યારથી બુફે સીસ્ટમ ચાલુ થઈ છે ત્યારથી બગાડની માત્રા વધી ગઈ છે. ઘણા તો ટેક એન્ડ ટેસ્ટમાં માનતા હોય એમ બધી વાનગીઓને લઈને ટેસ્ટ કરીને જો ના ભાવે તો કુડેદાનના હવાલે કરતા લગભગ દરેક લગ્ન જમણવારમાં જોવા મળે જ છે...! યજમાને ભલે ૪૦૦ થી લઈને ૧૬૦૦ સુધીની ડીશ કેમ ના પીરસી રાખી હોય... હું કેર્સ ? અને પાછું જેણે આ બધો ખર્ચ કર્યો હોય એ તો જ્યારે અંતમાં જમવા બેસે ત્યારે બની શકે કે પોતાની ડીશ જોઈને વિચારે ચડી જાય કે 'સાલું, મેં મેનુમાં પનીર પસંદા તો રખાવેલા, એ ગયા ક્યા ?' ઈનશોર્ટ ઘરધણી તો આ બધા તાક્જામ ને માણી શકે એટલી ફુરસદ તો એને હોય જ નહિ....!

ખેર, દરેક વસ્તુની બે બાજુ હોય છે એમ આટલા બધા બદલાવો છતાં પણ એક વાતનો હરખ તો છે જ કે હજુ પણ લગ્નપ્રસંગોમાં પરંપરા ભુલાતી નથી. હજુ પણ નાક ખેચવાનું, ફટાણા ગાવાનું, લગ્નગીતો ગાવાથી લઈને મૂળભૂત અને પરંપરાગત બધી જ વિધિઓ ફોલો કરાય છે. હા ભલે ને લગ્નગીતો તમારી બદલે ગાઈ આપનાર મંડળીઓ આવી ગઈ છે...લેટેસ્ટ સાડી કે ઘરચોળાની પાનેતરને શુકન પુરતું પણ રખાઈ તો છે જ... મોજડી ચોરવાથી લઈને વરમાળા પહેરાવવામાં કન્યાને વરરાજાથી ઉંચી કરાય છે...! શાદી... બ્યાહ કે લગ્નનો માહોલ મોર્ડન, આધુનિક અને વધુ આકર્ષક થતો જાય છે તો સાથે સાથે ખર્ચાળ પણ થતો જાય છે છતાં પણ અધધધ આડંબરોના પગપેસાર છતાં પણ 'ધ બીગ ઈન્ડીયન વેડિંગ' નો ચાર્મ... મજા....આનંદ અને ઉલ્લાસ બરકરાર છે.....વિથ ઓલ ધ ગ્લિટરીંગ સ્વેગસ્સ્સસ્સ્સસ. !

વિસામો :

'''વર તારો અણવર આવો તે કાં ? આવો તે કાં ? આંખો જોઉ તો ફાંગો દેખાય ફાંગો દેખાય.' જમવા બેસે તો ગાય..'અણવર થોડુ થોડુ જમજે રે મસૂરીયાની દાળ..તારા પેટડીયામાં દુખશે રે મસૂરીયાની દાળ...''

- અણવરને લાગમાં લેતું એક ફટાણું